## <u>દિવાની પરચુરણ અરજી નં.૨૬/૨૦૨૫</u>

### -: <u>આંક-૦૧ નીચે હુકમ</u> :-

૧. વિ.એડીશ્નલ સીનીયર સીવીલ કોર્ટ, ખંભાળીયાના સ્પેશ્યલ દિવાની મુકદ્દમા નં.૦૮/૨૦૨૪ ના કામે તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ હુકમ સામે અરજદાર(વાદી) અપીલ દાખલ કરવા માંગે છે. પરંતુ સમય મર્યાદામાં અપીલ લાવેલ ન હોય, ૧૦૫-દિવસનો વિલંબ થયેલ છે, તે માફ કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. સામાવાળાને નોટીસ કરતા તેઓને નોટીસ બજી ગયેલ છે. તેઓના વિ.વ.શ્રી હાજર છે અને તેઓને સાંભળ્યા. બન્ને પક્ષોની દલીલો ધ્યાને લીધી.

૩. અરજદારના વિ.વ.શ્રી એમ.ટી.નાણાવટીનાઓને સાંભળ્યા. તેઓની અરજી મુજબની રજુઆત છે. વધુમાં તેઓની રજુઆત છે કે, અરજદારે તકરારી હુકમ થયા પછી ૩૦ દિવસમાં કાયદા મુજબ અપીલ દાખલ કરવી જોઈએ, પરંતુ તકરારી હુકમ થયા બાદ દાવાની પ્રોસેસ અરજદારને બજેલ નથી, મુદ્દા ઠરાવ્યાની કોઈ નોટીસ પણ અરજદારને બનેલ નથી વિગેરે સંજોગોના કારણે સમયમર્યાદામાં અપીલ દાખલ થયેલ નથી. આમ, અરજદારની ઈરાદાપૂર્વકની કોઈ બેદરકારીના કારણે વિલંબ થયેલ નથી. વધુમાં અરજદારને હાલની અપીલમાં સફળતા મળે તેવા ખુબ જ સારા સંજોગો છે, ડીલે માફ ન કરવામાં આવે તો અરજદારના અપીલના કાનુની હકકોને વિપરીત અસર થાય તેમ છે, જેથી ન્યાયના હિતમાં અપીલ દાખલ કરવામાં થયેલ દિવસ-૧૦૫ નો વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

અરજદારની વિલંબ સબંધેની અરજી ગ્રાહય રાખવામાં ન આવે તો અરજદારની અપીલનો કોઈ અર્થ ન રહે અને કાયદાથી મળેલ હકક, અધિકારથી વંચિત રહી જાય અને તેઓની રજુઆત ન કરી શકે, આમ છતાં અપીલ દાખલ કરવામાં ૧૦૫ દિવસનો વિલંબ થયેલ છે અને તે ઈરાદાપૂર્વક ન હોય કે અક્ષમ્ય ન હોય વિલંબ માફ કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત કરે છે કે, અરજદારની અપીલનો ગુણદોષ ઉપર નિર્ણય કરવો ન્યાયોચિત છે, જો આ અરજી મંજુર કરવામાં આવે તો સામાવાળાને કોઈ નુકશાન નથી, કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર અને સીવીલ પ્રોસીજર કોડ હેઠળ મળેલ કાયદા મુજબના અધિકાર અનુસાર તકરારી હુકમ સામે અપીલ કરી રજુઆત કરવાની તક આપી વિલંબ માફ કરવા રજુઆત કરેલ છે. અરજદારના વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ''(૨૦૧૨) એ.આઈ.આર. (ગુજરાત) ૧૩૭ : (૨૦૧૩) ૧ જી.સી.ડી. ૩૦૨ માં પ્રસિધ્ધ થયેલ મનહરગીરી રાજગીરી ગોસ્વામી અને બીજાઓ વિ. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, વલસાડનો ચુકાદો રજુ કરેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે Inder Singh Vs. State of M.P. (2025 LiveLaw (SC) 339) ના કેસમાં આપેલ ચુકાદા પર આધાર રાખેલ છે.

૪. સામાવાળાને નોટીસ બજી જતા તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ છે અને તેમની દલીલ ધ્યાને લીધી.

૫. સમગ્ર રજુઆતો જોતા વિ.ટ્રાયલ કોર્ટે તકરારી હુકમ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ કરેલ છે. અરજદારની અરજીની હકીકત મુજબ અરજદારને અપીલ દાખલ કરવામાં ૧૦૫ દિવસનો વિલંબ થયેલ છે. અરજદારે અરજીના કામે થયેલ વિલંબ અંગે ખુલાસો કરેલ છે કે, તકરારી હુકમ

થયા પછી દાવાની પ્રોસેસ અરજદારને બજેલ નથી, મુદ્દા ઠરાવ્યાની કોઈ નોટીસ પણ અરજદારને બનેલ નથી વિગેરે સંજોગોના કારણે સમયમર્યાદામાં અપીલ દાખલ કરી શકેલ નથી અને તે કારણોસર અપીલ દાખલ કરવામાં દિવસ–૧૦૫ નો વિલંબ થયેલ છે. અરજદારની ઈરાદાપુર્વકની કોઈ બેદરકારી ના કારણે વિલંબ થયેલ નથી. અરજદારે વિલંબ અંગે ખુલાસો કરેલ છે તે સંતોષકારક જણાય છે. વધુમાં અપીલ દાખલ કરવામાં અક્ષમ્ય વિલંબ થયેલ હોય તેવુ જણાતુ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે Inder Singh Vs. State of M.P.ના કેસમાં આપેલ ચુકાદો જોતા વિલંબ માફ કરતા સમયે અદાલતે ઉદાર અભિગમ રાખવો જોઈએ. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધપાત્ર ન્યાય (Substantial Juctice) થવો જોઈએ. પુરતા કારણો ન હોય તો વિલંબ માફ કરી શકાય નહી, પરંતુ મુળ કેસના ગુણદોષની અવગણના માત્ર સમયમર્યાદા ના કારણસર અવગણી શકાય નહીં. જયારે મુળ કેસના ગુણદોષોનો નિર્ણય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય ત્યારે સમયમર્યાદાના ટેકનિકલ કારણસર ન્યાયનો ઈન્કાર કરી શકાય નહીં. તાજેતરમાં જ નામદાર સર્વોચ્ચ અદાલતે Inder Singh Vs. State of M.P.ના કેસમાં આપેલ ચુકાદો જોતા આ અરજી મંજુર કરી પક્ષકારો વચ્ચેની તકરારનો ગુણદોષ ઉપર નિર્ણય કરવો ન્યાયોચિત જણાય છે. તે સંજોગોમાં હાલની વિલંબ માફની અરજી મંજુર કરવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

- અરજદારની હાલની આંક–૧ ની વિલંબ માફીની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

- રૂા.૧,૦૦૦/– કોષ્ટ પેટે હુકમ થયેથી દિન–૭ માં ડી.એલ.એસ.એ.માં જમા કરાવવા.

- સમયમર્યાદામાં કોષ્ટની રકમ જમા કરાવ્યેથી ખંભાળીયા ના એડીશ્નલ સીનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં રેગ્યુ.દિવાની મુકદ્દમા નં.૦૮/૨૦૨૪ ના કામે વિ. નીચેની અદાલતે તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ આંક : ૨૪ હેઠળ જે હુકમ તથા હુકમનામુ કરેલ તે હુકમ તથા હુકમનામા સામે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી, આ સાથેની અપીલ રજીસ્ટરે લેવા સંદર્ભેની તથા તેને આનુષંગિક આગળની કાર્યવાહી માટે રજીસ્ટ્રાર શ્રી તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમના અમલ માટે જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ **તા.૦૨, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૨/૦૪/૨૦૨૬**
**ખંભાળીયા.**

*(વી.કે.જુંગી)*

**(એસ.જી.મનસુરી)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા
**Code No.G.J.00603**